# India-Italy Virtual Summit

November 06, 2020

## ભારત-ઈટાલી વર્ચ્યુઅલ શિખર સંમેલન

નવેમ્બર 06, 2020

વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદી અને ઈટાલીનાં વડાપ્રધાન પ્રોફેસર ગિયુસેપ્પે કોન્ટે વચ્ચે 6 નવેમ્બર 2020 નાં રોજ વર્ચ્યુઅલ દ્વિપક્ષીય શિખર સંમેલન યોજવામાં આવ્યું હતું.

વડાપ્રધાન મોદીએ 2018 માં પ્રોફેસર ગિયુસેપ્પે કોન્ટેએ લીધેલી ભારતની મુલાકાત યાદ કરી હતી અને તાજેતરનાં ભૂતકાળમાં ભારત-ઈટાલી સંબંધમાં થયેલી ઝડપી વૃદ્દિની પ્રશંસા કરી હતી. વડાપ્રધાન પ્રોફેસર કોન્ટેએ પરિસ્થિતિ સાનુકૂળ બનતાની સાથે જ ઈટાલીની મુલાકાત લેવા વડાપ્રધાન મોદીને આમંત્રણ પાઠવ્યું હતું.

આ શિખર સંમેલને બન્ને નેતાઓને દ્વિપક્ષીય સંબંધોનાં વિશાળ ફ્રેમવર્કની વ્યાપક સમીક્ષા કરવાની તક પ્રદાન કરી હતી. બન્ને નેતાઓએ કોવિડ-19 મહામારી સહિત સામાન્ય વૈશ્વિક પડકારો સામે સહકાર મજબૂત કરવાની તેઓની પ્રતિબદ્દ્ધતાની પુનઃપુષ્ટિ કરી હતી.

નેતાઓએ રાજકીય, આર્થિક, વૈજ્ઞાનિક અને ટેકનોલોજિકલ, અવકાશ અને સંરક્ષણ સહકાર સહિત મુદ્દાઓની વિશાળ શ્રેણી પર ચર્ચા કરી હતી. પ્રાંતિય અને આંતરરાષ્ટ્રિય મુદ્દાઓ પર, બન્ને પક્ષો બહુપક્ષીય મંચ અને ખાસ કરીને જી-20 પર નિકટનું સંકલન કરવા માટે સંમત થયા હતા. ઈટાલી ડીસેમ્બર 2021 માં જી-20 ની અધ્યક્ષતા ધારણ કરશે અને ત્યારબાદ 2022 માં ભારત ધારણ કરશે. ડીસેમ્બર 2020 થી ભારત અને ઈટાલી સાથે મળીને જી20 ટ્રોઈકાનો ભાગ બનશે. બહાલી પ્રક્રિયા પૂર્ણ થતાની સાથે જ આઈએસએ (ISA) માં જોડાવાનાં ઈટાલીનાં નિર્ણયને ભારત દ્વારા આવકારવામાં આવ્યો હતો.

ઊર્જા, મત્સ્યોદ્યોગ, જહાજ નિર્માણ, ડીઝાઈન વગેરે જેવા વિવિધ ક્ષેત્રોમાં 15 એમઓયુ/સમજૂતિઓ પર હસ્તાક્ષર કરવામાં આવ્યા હતા જેઓનો આ શિખર સંમેલન સાથે યોગ સધાયો હતો.

**નવી દિલ્હી**
**નવેમ્બર 06, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA's website and may be referred to as the official press release.